गूजरात विद्यापीठ ग्रंथालय

(गुजरात कोपीराईट विभाग)

૭૦૩ (018)

अनुक्रमांक

किंमत

ग्रंथनाम મુંબઈમાં ભણીલું દીન

वर्गांक

મુંબઈમાં જાગેલું દીન.

અથવા

મુસલમાનોએ પારસીઓપર મચાવેલું હુલડ

ભાગ પેહેલો.

શુભેચ્છક સ્વદેસિઓને સારૂ.

છંદ, હોરી, ગરબી અને બીજા રાગમાં રચ્યું.

મુંબઈ:

પારસી પ્રિંટીંગ પ્રેસમાં પાલનજી નસરવાનજી

ખંબાતાએ છાપ્યું

નં. ૪૨૫ ખારા કુવા રોડ ચોકસી બજાર

૧૮૭૪

કીંમત બે આના.

મુંબઈમાં જાગેલું દીન.

અથવા

મુસલમાનોએ પારસીઓપર
મચાવેલું હુલ્લડ.

ભાગ પેહેલો.

સુભેચ્છક સ્વદેસીઓને શારૂ.

છંદ, હોરી, ગરબી અને બીજા રાગમાં રચ્યું.

મુંબઈ:

પારસી પ્રિંટીંગ પ્રેસમાં પાલનજી નશરવાંનજી
ખંબાતાએ છાપ્યું
નં. ૪૨૫ ખારા કુવા રોડ ચોકસી બજાર

૧૮૭૪

મુ. દીન. ૨

કીમત બે આના.

હુલ્લડની શરૂઆત

લાવણી.

(લાલ તારેને મારે બાળ પણાની માયા,
આ પ્રીત લગાડી કેમ વેગળા થાયા—એ રાગ)

દિન જાગ્યું મુંબઈ શેહેર કહું આવારે,
તે જન શું સમજી લાગુ થયા ખાવારે. ટેક.
સત અઢાર ચુંઆતેર તણી બલીહારી,
ફેબ્રુ તારીખ તેરમી ધણી મત વારી,
શું કારણ જાગ્યું દીન કહું છું ભાઈ,
ચરચા કરી મુસલમાન ધર્મની આંહી;
ચરચાકરનારો એક પારશી નામે,
રૂસ્તમ હોરમજી એ કર્યું શું કામે. દીન. ૧.
મહમદ પેગંબર મુસલમાનનો જે છે,
જેની જીંદગાની તણો હેવાલ એ છે;
તેનું એક પૂસ્તક બહાર છપાવી પાડ્યું,
જેણે રૂસ્તમજી નામ એક શું કાઢ્યું;
રૂસ્તમજીએ અંગરેજી પરથી કરીયું,
રૂસ્તમજીએ અંગરેજી પરથી કરીયું ... કંઈ ધરિયું. દીન. ૨.
મા! ... હસે ... રે ... ની ... નું

કેઈ હશે નવીન મહિ ભેળ ભગાડી ભખીયા,
સાચાપરથી શું ? અંદર જુઠા ઘરીયા;
અંગરેજી પરથી કર્યું ટ્રાન્સલેશન,
અંગરેજી ભખનાર બ્રીટીશ નેશન;
ત્યારેતો મુસલમાન નહીં કંઈ વદીઆ,
શું કારણ મુસલમાન થયા અહીં રદીઆ. દીન. ૩
સાચામાં જુઠું કદી નહીં ભેળવાએ,
જો ભેલવાએતો ખરે આગ સળગાએ;
સાચું એ પુસ્તક હોત બરાબર જયારે,
નહી થાતે મુંબાઈ શેહેર ઝઘડો ત્યારે;
રૂસ્તમજી નું તો છાપ છપાની ચડીઆ,
હીંદુ અંગ્રેજ પારશી મુસલને નડીઆ. દીન. ૪.
મુસલમાનના ધરમ તણી કરી ચરચા,
શુ લેવા તે આ કરી કપાલે અરચા;
સન અઢાર એકાવન હતો જેવારે,
આવુ હુલડ તવ મચ્યું હતું તેવારે;
તે ભખ્યા દીલગીરી ઘણોછું ભાઈ,
રાંકડીઆ પારશી રહયા માર ખુબ ખાઈ. દીન. ૫.
ઉપલી બીનાને થયા કંઈ દીન ઝાઝા,
તે સૌ જાણે દીન રાય રંકને રાજા;
કેવતમાં શિના રેવાન બાંધી પુછરડી,
જોઠ્યા વિનાં કેમ રહે ઓઢી કુકડી;

જી૰૮ મરવા જ્યારે થાએ, જુવે મારવાડ,
ધોધાએ વાઘરી હસ્ત અરે ધારવાડ. દીન. ૬.
જે કુમટી હોએ તે કપટ તણી ગત જાણે,
જે ભોલા હોએ તે મંન તણે નહી આણે;
આ જગમાં એવા હશે અરે જંન કોઈ,
પાછલ પરતાઇ રહે શીર જઈ રોઈ;
એક બીજાનો શત્રુ તેતો થાએ,
તો કેમ કરીને તેનાથી રહેવાએ. દીન. ૭.

દોહરા.

તેવી રીતે અહીં થયું, મુંબઈ પેઠ બજાર;
જાણે જન ધોબી ધણા, આટકી કોલી લવાર. ૧.
રણ શુરા રણમાં ચઢે, થાએ હાહા કાર;
કિકિઆરી કરીને પડે, મરે મારામાર. ૨.
તેમજ તારીખ તેરમી, ફેબ્રુવારી માસ;
સવંત અઢાર શું ઓતેર, મુંબઈ નાસાનાસ. ૩.
સવંત ઓગણી વીસના, માહાવદ એકાદસ[૧];
શનશાલી પાંચમો, છવિસ રોજે જશ. ૪.
સુક્રવાર તે દીન હતો, મુસલમાનનો નેક,

---

૧ અગીઆરસ

પારસીપર તુટી પડ્યા, જાણી લોધ છેક. ૫.
મુસલમાન ભેગા થઈ, મનમાં આણ્યું એક;
ધર્મ વિરૂધ (ની) ચરચા કરે, તેમ મારો છેક. ૬.
તેથી તેનામાં થઈ, મોટી કંઈ તકરાર;
શ્રીમંત જંન કોઈ કહે, કર્યો ન મારામાર. ૭.

મુસલમાનોની મીટીંગ.

કુંડળીઓ છંદ.

મુસલમાન નક્કી કરે, સભા ઠરાવો આજ
સંપ કરો સૌ જન મળી, ત્યારે રહેશે લાજ
ત્યારે રહેશે લાજ, સભા કરવા જગ્ય સોધી
બોંયખલાની વિચ, જગા મહમદની નોંધી
મહમદ ઇબરાએલ, વળી જોયાં જગ કુળ
સભા મહી સૌ જાય, જે છે સઘળા મુસલ. ૧.

૨

સભામહી ગ્રહસ્થો ઘણા, જે છે તે હુશિઆર
લખવા મત તેનું ધરે, નામ સહીત નિર્ધાર
નામ સહીત નિર્ધાર, કાજી અબદુલ લતીફ

કમરૂદીન તાઇએબ, તથા મુનશી અલી[૧]
એવિનાં તણી ખુબ, હળી મળી ઠોકે ખભા[૨]
વાહવાહરેવાહ, ભલી કહીએ આ સભા[૩] ૩.
મઆસદ સૌએ મળી, ધાર્યું મનમાં એક
કોઇ તરેના આપણે, ન કરવો ઝઘડો છેક
ન કરવો ઝઘડો છેક, સમજી બેસી રહેવું
ઝૂદા કરે શિર પર, તે માથે લેઇ લેવું
પણ સમજ્યા નહીં કોઇ, આખર મેહેલી મભા
કરી ખરાબી ઘણી, વાહજન બેઠ્યા સભા. ૩.

શુકરવારનું હુલ્લડ

કુંડળીઓ છ.૬.

૪

બારકોટમાં જાગીયું, મુસલમાનનું દીન[૧]
જુમા જે કહેવાય તે, મસીદમાંહી દીન
મસીદમાહીં દીન, વાર શુકર કહેવાએ;
બાર વાગતાં થયું; હુલ્લડ સઘળું જોવાએ.
[illegible]માં સમજી દીન, પડ્યા તુટી શું સાર

---

૧ પો[illegible] ૨ ખભા. ૩ સભા.

અરે પારસી જન, તમો પામ્યા આજી ખાર. ૧૧

રોલાવૃત.

આસો માહે ફેર, જાગ્યો મુંબઈ શેહેર;
મુસલમાનનું દીન, જોવાને થું સેહેર; ૧
પોલીસ જાણે પેહેલ, કંઇ થાશે તોફાન;
ત્યારે શું કારણ, ધર્યું એણે નહીં કાન. ૨
પોલીસ કમીશનર, સૌટર જે કેહેવાએ;
થયો તવ આહાકાર, ત્યારે (તે) આંહીં કહિ ધાએ. ૩
પારસી જનને મન, પ્રથમ ખાતર કંઇ હુતી;
તે સઘળી થઇ વ્યર્થ, અણવિશ્વાસે સુતી. ૪
મસાદમાંહીજન, હતા મુસલમાનો તે;
શિખ દેઇ નહીં હથી, કાજી જે થાણો તે. ૫
કાજીની નહીં શિખ, માની તેણે તહીંઆં
મસીદથી નિકળી, પાએધુની છેક હીંઆ. ૬
કરે શબ્દ પોકાર, અણઘટતા કંઇ એવા;
તેસી મ્હોલા મહી, કંસારવાડે કહેવા. ૭
એક એકની સાથ, બાઝી ખેલતા ચાલે;
શું કહે આજે રાજ, ફીકર વીન એ તો માલે. ૮

દોહરો.

મસીદમાંથી આવતાં, મળયો કાનસ્ટેબલ;
જેનો કેપ માએ નહી, તે આકુળ વિકળ. ૧

ચોપાઈ.

ફરામજીને માર્યો માર, ઘર તેના આગળ આ વાર;
સોટા મારી મુકી ધાવ, દેખી પોલીસ આવી થાએ, ૧
આ તવ દેખી હરખે કોણ, પારસીઓનો કાઢે ધાણ;
ફરામજી અંગે છે શુદ્ધ, જેની સુંદર જોવા બુધ. ૨
રહી નહીં સરદારોની લાજ, ફરામજીને દેખી આજ;
તેના ઘરને કર્યું નુકસાન, નહીં તવ તેનુ કાંઈ માન ૩
ભલો ખીચારો પારસી એહ, મુસલ હસ્તે આવ્યો તેહ;
પોલીસ એકદમ આવી પડી, મુસલમાનને તે તો નડી. ૪
દેખી પકડી ઝાલે જેમ, ગયા છાનામાના તેમ;
પકડાએ લાકડીઆ કેદ, મુકે નહીં પારસીનો ભેદ. ૫
ત્યાર પછી તો મોટુ થયું, તે દેખીને હઈડું ગયું;
તેનો કહુછું નીચે સાર, આડીને સઘળો વિસ્તાર. ૬

અલાઈ બાગ આગળ થએલી નુકસાની.

રાગ ઓખાહરણ

મુંબઇ માંહી અલાઇ બાગ, તે તો જાણે મોટો નાગ;
હોળી માંહી ઊડે ગુલાલ, અહીં ઉડે સોટા તાલ. ૧
એજ પ્રમાણે દવાખાનું, ચેરતનજી મંચેરજીનું;
તેમાં પેસી મુસલમાન, જેને કાંઇ જરા નહી ભાન. ૨
મારો મારો મુખે એમ બોલે, સોટા સાથે મારી દ્વાર ખોલે,
દવાખાનું તોડી કીધું, પારસીએ મન નહી ધરીયું. ૩
હાય હાય કરીને પોકારે, જાણ થાએ અર સરકારે;
દવાખાનામાં જે જે જણુસો, દેખી ફોડે મુસલ માણસો; ૪
જે રણમાં રણ દેખી ચઢતા, સરકારથી તે નહી ડરતા;
અરે રૂસ્તમજી તેં શું કીધું, પારસીએ મન માંહી ધરીયું. ૫

આડો ઓઢ તે જન પડ્યો, ત્યારે કોઇ નહી કાને ધરશે;
રૂસ્તમજી મુકી મેર, ગયા દમણ ઉતાર કેર. ૬
તેનો શું જ થયો હેવાલ, તેની હજુ મળી નહી ભાળ;
એવું સાંભળીયું જન દંત, પારસીનો ન છોડે તંત. ૭
પછી પુસ્તકખાનું પેખી, જોઇ સઘળું ફેક્યું દેખી;
તેના ઘરને કર્યું નુકસાન, પાણી પીવા ખાવા નહી મં

જેની સ્ત્રીઓના કાળજાં ખુસીઆં, તેના હજુ સુધી નહીં ઠરીઆં;
પારસી એજે ચરચા કીધી, મુસલમાનની સિક્ષા લીધી. ૯
પોલીસ શું ખીચારી કરશે, ઉપરી મન શું નહીં ધરશે;
સરકાર બીચારી છે મોટી, જેની જગમાં મળે નહીં જોટી. ૧૦
આ વખત ક્યાંથી આવ્યો, મુસલમાનને ક્યાં લાગ ફાવ્યો;
મુસલમાનને વિચાર હોત, લકડી રૂસ્તમજી સોત. ૧૧
આંધી સરકારને આવ્યો હોત, સૌ પારસી દુખી ન હોત;
કંઈ ભુલ્યા છે પારસી જન, તેમ ભુલ્યા છે મુસલમાન. ૧૨
કોઈને મારે ધીબધબાકે, કોઈના મુખ તોડે લપડાકે;
કોઈએ ખાધો મુકીનો માર, થયો પેસ્તનજી લાચાર. ૧૩
દેખી દયા શું નહીં ઉપજે, જયારે થાએ આવી રમુજે;
સોના રૂપાનું જે કાંઈ દીઠું મૂસલમાનને લાગે મીઠું ૧૪
કોઈએ ચોર્યાં ખરા દાગીનારે, હીરા જડીત કંઈ નગીનારે;
જેમ પોલીસ મારે માર, મુસલમાનને મળે તાળ. ૧૫
આવુ વાંચ્યું પત્રો છાપામાં, કંઈ કંઈ બીના તે તે તણામાં;
ઘણુ લખીએતો મોટુ થાએ, અગ્નાઈબાગ ઝઘડો થાએ. ૧૬
જીજીભાઈ, ધનજીભાઈ કહેવાય, બાંટલી વાળા નામે ઓળખાય;
તેના ઘરમાં કર્યું તોફાન, ઘણા જનની લીધી જાન. ૧૭
પો પાડોસી હીંદુઓએ, ઘણો બચાવ કીધો જેઓએ;

ત્રણ હજાર રૂપીઆનું લીધું, એવી આમ જીન તુફાન
કીધું. ૧૮

પછી પથર માર ચલાવ્યો, આલંબાગ માંહી કહેવાયો;
તહીંથી જે જે મુસલમાન નાઠા, તે તો સઘળા ગયા
સામટા. ૧૯

કપાવાળાની જહીં અગીઆરી, છે પારસીની કાંઈ હોશીઆરી;
તહીં બીજુ ટોળુ જઈ લાગ્યું, મીસ્ટર સાઉટરનું મન
જાગ્યું. ૨૦

તહીંથી હુલ્લડ જન અટકાવ્યા, સરકારે સંદેસા કહાવ્યા;
તહીં તોફાન કીધું મોટું, કહ્યું સાચું નહીં કેહ ખોટું ૨૧
ટોળે ટોળાં રસ્તે અથડાએ, ખુન દેખી જનો ગભરાએ;
મુસલમાન મારે પારસીને, પારસી મારે તલસી નાસીને. ૨૨
તહીં સેકડો મુસલમાન સીદી, જાદવે જાદવા સઘળી
જેમ કીધી;

ગોપાલ નાનાની દુકાન લુટી, માંહે રાખી ન એક મુઠી. ૨૩
છબીઓના કડકા કીધા, જેને ફાવ્યા તેમ તેને લીધા;
પીઠાં તણો નાસજ કીધો, પોલીસે તે મારતા લીધા. ૨૪
પોલીસ ઘણી ગભરાએ, કારણ અહીં તહીં તોફાન થાએ;
એક સમે બીજું ઊભું થાએ, વીજુ અંહી તહીં નાસી
જાએ. ૨૫

પારસીઓને જખમ કીધા, તેને હોસ્પીટાલ મહીં લીધા

મારા મારીમાં, મકાનુ જખરા, નહીં આરજ તેથી નપ
ક્ષા. ૨૬

એવું મુસલમાનોએ કીધું, છાપાવાલાએ પત્રે લીધું;
પછી ખેત વાડી મહી પેઠા, તેતા પારસીઓએ સઊ વે
ઠયા. ૨૭

ધોબી તલાવપર જઈ અડીઆ, કોઈ કોઈ પારસીને નડીઆ;
બાર ઊપર ચાર તો વાગ્યા, બીજી બજાર મહીં જાગ્યાં.૨૮
ખંભનજીની અગીઆરી આવી, તહીં વઢવાડ કેવી મચાવી
ખેતવાડી તણા ઘર લુટયાં, મારા મારીમાં માથાં ફુટયાં.
૨૯

તંહીથી હટયા મુસલમાન જયારે, સુકરવારની સાંજ થઈ ત્યારે;
મારા મારીમાં જે હાથ આવ્યા, કેદી એકસો છાસટલાવ્યા
૩૦

આ પરમાણે પોલીસે કીધું, મીસતર સાઊટરનું કામ સીધું;
મીસતર સાઉટર જેવા સુઘરેલ, તેનામાં બનીઓ આ ખેલ,
૩૧

તેના રાજની પ્રજા જેહ, સુખ પામે જરો નહીં તેહ;
ધર્મ તણા મકાનો ભાગ્યાં, પારસીના મનડાં જાગ્યાં ૩૨
પછી જેવાત થઈ તે કહીએ, પારસી સેઠીઆ સાથ લઈએ;
જોવા ગયા (જે) થયું નુકસાન, જોયા નજરે એજ
મકાન. ૩૩

પારસી સ્ત્રીઓ રડતી દીઠી, કેને આ વાત લાગે મીઠી;

જોઈ રદય સોના કંપે, મુસલમાન જરા નહીં જંપે. ૩૪

પેટનું બળ્યું ગામ લગાડે, એકઠા જન થઈને બગાડે:
હાહાકાર થયો ઘણો અહીંઆં, મંમનજીની અગીઆરી
છે જહીંઆં ૩૫

જોઈ કાળજડું જન બળતું, મુખે કહે ટોળું આ નટળતું;
મુંબઈનો જે એજીંગટંન, તેનુ હલ્કુ છે ધાર્યું મન
૩૬

સરકારથી રેજમિંટ મળશે ત્યારે હુલ્લડ જાગેલું ટળશે;
ગવરનરના હુકમથી થાશે, રીજમીંટ સાથ લશ્કર જાશે.
૩૭

પોલાસ કમીસનરને મળશે, જોઈએ તેટલી મદત જડશે;
જે કોઈ ખાતું નરમ હોય જયારે, બીજાની માગે મદત
ત્યારે. ૩૮

તેનો વીચાર સરકાર કરશે, ભાઈઓ નહીં પસ્તાવું પડશે;
આજે દીને સનીવાર આવ્યો, થયું નુકશાન તેણે વધા
ર્યો. ૩૯

પારસીઓએ કરેલો બચાવ.

દોહરા.

પારકોટને કોટમાં, એતીવાડી[1] સાર;
જાંન બચાવા કારણે, સંપ કર્યો આચાર. 1
સંપે સંપી નિકળ્યા, જોવા હુલડ બજાર;
રોતી દેખી પોતીકી[2], ભલી બચારી નાર. ૨
બેરામજી જીજીભાઈ, ને વળી નાનાભઈ;
જાએ કોફડે આરફીટ, અલાહબાગે ધાઈ. ૩
તેથી ઉપર દેખીયું, વળતી કર્યો વિચાર;
મળી આપણ સઘળા ચાલો, ગવરનરની પાસ. ૪

ગવરનર પાસે ગએલા પારસીઓ.

મનહર છંદ.

બેરામજી જીજીભાઈ, સાથે દીનશાજી પીટી.
સર જમસેદ, જીજી,ભાઈ ને કહેવાએ છે,
આનરેબલ સેઠ, મંગલદાસ નથુભાઈ,

---

1. એતવાડી. ૨ પોતકી જાતની.

[illegible] હળી મળી જાય છે;
અરજ કેહેવાને મુખ, આતે રાજ આપનામાં,
સલામ કરીને કહે, પારસીનો મરી જાયછે;
વગર વાંકે, પ્રજા પારસીનો મરી, લુટયાંજ ઘર બાર,
મુસલમાને[1] માઠી માર, ચોરી કરી ધાયા છે,
અંદર પેશીને ચોર, ૧ ૨

પોલીશ કમીસનર, જાણીતો જે ચાટર,
તેના હાથ નીચે આવું, ખુબ ધણી થાય છે,
માટે આપ ધ્યાનમાંજ, સઘળી પ્રજા તણી વાત,
વગર રજોઈ અંત, ચીઠી વીઠી આપ્યા છે;
વળી માર મારે ખુબ, માને નહી પોલીશનું,
એકદમ તુટી પડી, વિદ્યુત[2] જણાય છે,
દયા નહીં તેને મંન, કર ખુન મારી ધાય, ૨
મુસલમાનોનું ટોળું, જબરૂં સેપાય છે. ૩

ગવર્નર[3] સરકાર, વદે મુખ તેને વળી,
ફીકર ન કરો જરા, રેહજો સંપ સંપી,
લસ્કર છે તૈયાર, તેના કપટીને બળી,
બંદોબસ્ત ઠીક સાથ, જે છે ન કુસંપી;
ખુશી થઈ કહે એજ, ગયા જન જે તે તેહ,
પારસી તો સાંભળવા, રેવાજ ટંપ ટંપી,

૧. મુસલમ. ૨. વીજળી પેઠે. ૩. ગવરનર.

[illegible]
જેથી પારસીની પ્રજા, કોઈ કંપક જપી ૩

૪

વળી સનીસાર [illegible] તણાવા છે,
તેની પાસ [illegible] વાડીઆ [illegible] છે,
ફરેબ વાડીની પાસ, ફરામજી કામાજી,
તેનાતો આ[illegible], થેણું જવા જાય છે;
ટોળે મળ્યા પારસીઓ, બચાવ કરવા [illegible],
બંદોબસ્ત કરી એક, એક (સી) સાહેબ મહેર છે,
મુસલમાન સાથ ખેડ, મળી ખેતવાડી લઈ,
પણ બંદોબસ્ત જોઈ અહીં તહીં જાય છે. ૪

દોહરા.

જતાતા બે ચોપેદ, આંટરોડ જે દીશ;
તેને માર્યો માર ખુબ, નાસે નાખી ચીસ. ૧
તહીં આગળ હાંક્યું [illegible] ત્યારે ચાલ્યા જાય;
આંટરોડ [illegible], આગળ જઈ [illegible]. ૨

પારસીઓએ અંગ્રેજ અહીંનની લીધેલી મુલાકાત.

છપ્પો.

પેસ્તનજી ને વકીલ, કાવસજી એદલજી,
ડાક્તર પેસવતજી, નસરવાન નવરોજી,
કુળા વાળા દાદાભાઇ, તે પીતા પાલનજી,
રસ્તમજી ખંભાતી, તેના પીતા પેસ્તનજી,
તે સઘળા ચોળે મળી, અંગ્રેજ ગટ ન જમાં જાય રે,
કહે મુસ ત્યાંનું થસે, તેના શું ઉપાએરે. ૧

દોહરો.

અંગ્રેજ ગટ ન મુસે કહે, પોલીસ કમીસનર;
તેના સ્વાધીન કરી, આપ્યું છે લસ્કર. ૧

ઘાએલ થએલા માણસો.

ચોપાઇ.

સેઠ આદજી આદરજી એક, માણેકજી બેરામજી છેક;
મરણ પાંમ્યો દાદાભાઇ, આએદીન અમેદર કેવાઇ ૧

---

૧ નવરોજી. રસ્તા આમેદ.

ચારે બાજુ પોલીસ ફોજ, ઈન્સાફ નજર તે રોજ; ૧
સોટરપર લખીઓ એક પત્ર, હુલડ થાય છે જ્યાં તત્ર. ૨
થઈ કાનસ્ટેબલ તે સુખ, પામ્યાં આખી રાતે દુઃખ;
એવું કહે પેરામણ જાઈ, સરકાર આ દુઃખ સુણેચઈ. ૩
બમણા ભાગી પારસી જન, રંગ તુને સરકારછે ધન
ઘણું જીવે ઘીને શું થાય, હુલડના જન મંગળ ગાય. ૪
રાત સઘળી જાગ્યા એમ, નિંદ્રા ન આવે તે જન તેમ;
સની નિસાસા એ ગઈ, રૈયતની ચળા થઈ! ૫

—ooo—

મુસલમાનનું મરદુ અને હુલ્લડ.

હોરી.

ચાલ. સાંવરે અજહુ નહી આયો
મુસલમાને મડદુ બનાવ્યું. ટેક

બનાવ્યું જનરુગ સારૂ જગાવ્યું. મુસ. બના.
ચડતે પોહોર રવીવાર દીન, એવું એક સુણાવ્યું;
મડદુ બનાવીને કાઢે મુસલમાન, પારસી મન જણાવ્યું;
કહીં ગયું તે તે બીડાવ્યું. મુસલમાને મડદુ બનાવ્યું.
બના. ૧
પ્રથમ ગોહવાળ મહી રહ્યું પોલીસ જોઈ તે આવ્યું,
માનું કે મુડદું કોઈ ન જોશે, જન કહે હલિયા એ આવ્યું

હાહાકાર જણાયું, મુસલમાને. બના. ૨
એકદમ સુપ્રિન્ટેન્ડન્ટની આગળ, મદદ તે દર્શાવ્યું;
સામાં દેખી પારસી જન ચાર, તુરત ત્યુદ્ધ મચાવ્યું
પારસીએ (તે) ફેલાવ્યું મુસલમાને. બના. ૩
સીદી જન સઘળા મળી આવ્યા, (તેણે) અરસપરસ કર [illegible] વરસાવ્યું;
લાગ મળ્યો પારસીને જાવા, સુપ્રિન્ટેન્ડન્ટ સુધી આવ્યું;
પ્રાણે એ ચાર અટકાવ્યું, મુસલમાને. બના. ૪
મુસલમાને ફરી ફીતુરી આદરી, પોલીસે જઈ અટકાવ્યું,
મોટું કરમ પારસીનું તથા, હિંદુ મળીને હઠાવ્યું;
હીંદુઓએ જય ફેલાવ્યું, મુસલમાને. બના. ૫
હીંદુ મુસલમાન કોઈ નહીં દીન, છાપે છાપ છપાવ્યું;
આતશ બેરામની શી ગતી થઈ, તે સૌ પત્રે લખાયું,
એમ કરી મદદ વળાવ્યું મુસલમાને બના. ૬

૨

મુસલમાન તણીથી જાય, ગલી સોનાપુર બાજી થાય.
મુસ. ૮.૪
મુસલમાન હળી મળી સીદી, પોલીસ શું ? તહીં ગણાય,
મુસલમાન ઘણા કાંઈ સીદી, જેનું ન મન ધરાય;
ખરે એક તે શું [illegible] મુસલમાનો ગયી એ [illegible]
કોઈના હાથમાં સોયાને સોટી, ડાંગ પાર ગણાય,

ત્રિશૂળ જાણે પાય સરીખા, ફરેલણાડી જાય;
[illegible] ક્રોધ તેનો ન માપ, મુસલમાનત. ગયી સો. ૨

પ્રથમ પારસી, સૌ જાણતાતા, બાહેર નહીં નિસરાય;
મડદુ પારસીઓએ [illegible], સોકાન (તેથી) મોટું થાય;
જુતી તેરી ન બુઝાય, મુસલમાનત. ગયી સો. ૩

આવતા બીગરીઓ [illegible] બીજુ, રતનપુર મંગળ થાય;
[illegible] નંબર લીસમી આવી, ચોટર સાથે જણાય;
[illegible] માય મુસલમાનત. ગયી સો. ૪

મારામારી આહી મોટી ચાલી, બીકુળ શીર [illegible];
આફતા, ફરી ધરતીપર પડતા, કોઈ કરે હાય હાય;
ભર્યું પીંડ અહી છલકાય, મુસલમાનત. ગયી સો. ૫

સોપ્યું હસ્ત ધરેલછે પારસી, માઈ ત [illegible] ધાય;
વાંકડી મુછના મુસલમાન, તે લાલચોળ જણાય;
મરે ધરતી જે સમાય, મુસલમાનત. ગયી સો. ૬

——૦——

રાજીઓ

આવી રૂડી અજવાળી શ્રી રાતરે, મરકી [illegible] મધરાતનો
એ ચાલ.

હાય વાસરે [illegible] લાગી [illegible]
પારસીઓ ફરેર [illegible] આપ પીનું [illegible];
સોનાપુરની ગલી [illegible], તહીં વસે પારસી [illegible];

અન્યો અન્ય કરેરે વીચાર, એ જગતમાં શું બણું;
લશ્કરની ટુકડી ઘણી, જેના રંગીલા છે સરદાર;
રંગ જેણે આછો રાખીઓ, રાખે રંગ ધાર તરવાર.
સુખઇમાં. પારસી. ૧
પોલીસ જન ખાએશ થયું, સીદી ઘણું કરેરે તોફાન;
મોબી તળાવ ઊપર હુઇ લીધા કોન્સટેબલે બે જાન.
સુખઇમાં. પારસી. ૨
બીડી બુજારતાં રસ્તાપર, ચીજ્મીટે ઊભી તરેહવાર;
અસંખ્ય જન જોવા મળ્યા, જોઇ કરે મનમાં વીચાર.
સુખઇમાં. પારસી ૩
એજ પ્રમાણે ઉભી રહી, તે છે કોન્સટેબલની સાથ;
પુરતો બંદોબસ્તરે થવા, થાયે હજુ દીન તે રાત.
સુખઇમાં. પારસી. ૪
અફવા ઉડી એક કોટમાં, તોફાનીઆ, આવે આણી પેર;
ઘભરાટ પોલીસને થઓ, ધામ ધુમ મચી રહી શેર.
સુખઇમાં. પારસી. ૫
મેરે મહીં, એવું આવીયું, બ્રીટીશ આ, રાજ જે કેહેવાએ;
પોલીસનો નહી દેખીઓ, બંદોબસ્ત નજરે જોવાય.
સુખઇમા પારસી. ૬
દીલગીરી થઇ બખીએ અમો, જવો મહી પડી એ છાપ;
તોડ ફોડ લુંટ ઘણી, લાગે નવ સરકારની ધાક.
સુખઇમાં પારસી. ૭

લસકરની મદ્દત અને તેનો દેખાવ.

ગરબી.

રાગ. સાર સરરે વડોદરા શેહેર, મુબઈ અધગેલી.

જોઈ જોઈ લશકરની બાહાર, મુંબઈ શેહેર મહી;
ઘણી ઘણીરે તે તરેહવાર, નજરે જોઈ સહી.
વીસમી રીજમીટ કહેવાય, આવી મદ્દત તે વારરે;
ગન છર અદુકસાથે કરમાં શસ્ત્ર તે હથીઆર ૧
મદ્દત આવી પેલી મળી હોત ઝઘડો ન થાત ખવારરે;
પ્રજા તણા ખુન ચોટા જોઈ, દીલગીરી જન આવાર.
મુબઈ. ૨
બારકોટ મહી છે સીપી, ખલાસી તે કઈ ઝાઝારે;
માત તાસું તે ટોળુ આવ્યુ, તે તો રહ્યા છે સાજ.
મુબઈ. ૩
ગેજટ લખે વળી એક વાત, પરમ દીન તે આવ્યુંરે;
જમાન ખાનામાં જઈ વસીયુ, હળી મળી દીન વરસાવ્યુ
મુબઈ. ૪
માટે સરદારને કહે છે ગેજટ, જય કરો ઉતરતારે;
ઉતર્યા તેને આપી ઓથી, કાઢો તે જન નડતા.
મુબઈ. ૫
શ્રવણ કરે સરદાર ખરખુબ, રીજમીટ બીજી તઈઆર

તેમ તેડાવી પુનેથી તે તહી, સુધી નહી તેડાવો.
મુંબાઈ. ૬
રાત દીવસ રહેનારો રીજમીટ, ફરતી ફરે તે બજારે.
સૌ મળીને સંખ્યા થઇ મોટી, ગણતાં એક હજાર.
મુંબાઈ. ૭
પોલીસને દુખ મોટું આવ્યું, આવ્યું હકીમ તે હરે;
એલ્ફીન્સ્ટન સ્કુલ મહી, નહીં જાએ, ઊપરી જેના તેહ.
મુંબાઈ. ૮
શોમવારે શું થાસે તે, લખ્યું એ પત્રો મહી થારે;
રવીવાર દીન વીત્યો ભારી, રીજમીટ માહ જહીંથી.
મુંબાઈ. ૯

ભુજંગી છંદ.

કહું એક હાજી મરેલો નીશ્ચ જાંન,
ન આવ્યો હવે તર્ક એ જંત ગંત,
થયો સ્વર્ગ વાસી લખે પત્ર માંહીં.
થયું દીન ત્યારે લખ્યું તત્ર આપાંહીન,
અરેરે અરેરે અરેરે અનેકે
ખરે આંશુ જાયે ખરેરે ખરેરે;
થઇ જાય તેની જુઓ આ સલાસ ભાઇ,

પઢે મુખ્ય કુરાન [illegible] કાજી સાંઈ. ૨
પિતા નામ આસેદનો તેજ પુત્ર,
ગયો સ્વર્ગ વાસ, થયો ઘેર સુત્ર,
ન આવ્યો હશે જ્યાહરે તેહ હયાતી,
થશે મારી સાથ કોઈ શુજાતી. ૩
વતે ગઈ લાસ તેની તમશાણ,
ઘણા જન શ્રીમંત તે વાર જાણ;
હજારો મુસલમાન તેની પછાડી
કરે કીકિઆરી ઘણી તાળી પાડી. ૪

બચાવવાંને સારૂ પલટણની ગોઠવણ.

દોહરો.

પાયદળની તે ચોકસી, ભાસે સલટણ સાર;
નાકાં બાંધીને રહે, આ રીતે નિર્ધાર. ૧
મરીન જે મરાસીઆન, તેતો પોભી તણાવ,
પહેલે સંભારણ કરે, સમુદ્રની* પાળ. ૨
ચોથી રીજમીનેટ સાઈકરસ, ત્રીજી રેજીમેન્ટ ચાર, ૪
ભયંકર નજરે પડે, ઊપરી હસ્તે ર્વોડ. ૩

---

* સમુદ્રની

ક્વીન રીજમીંટને શું થયું, કોલાબેથી સાર;
ચનિરાડ સ્ટેશન સુધી, રોખી એ નિધાર. ૪
લશ્કર બીજું જોઈએ, છે તેની ગોઠવણ;
ટ્રેન મારફત આવશે, સુખ બોલે હણ હણ. ૫

નારાચછંદ.

તોપો બંને સાથ રીજમીંટ કોલાબે તઆર છે;
દારૂ ગોળાને સાથ તેતો પેરેલો શણગાર છે. ૧
સરસ યુક્તિ સારી કીધી સરકારે આચાર એ.
રહે પોતીકા કામમાં, તર્વાર પર નીધાર જે. ૨
આ બંદોબસ્તથી થયું, ખુશી ખરે જન શેરનું;
બહાદુરી સરકારની છે કામ શમશેરનું. ૩
કોટ કોઈ પરદેશી નાસે આમ તેમ પારસી;
વાંદરાને મેમના જનને મને દરકાર શી. ૪
દેશી પલટણ એક આવી છે તે થાણાનો વળી,
અત્તરનેર ફોજશીનથી સભા ઠરી હળી મળી. ૫

ગવર્નર ઈનકૌસીલની સભા અને વીચાર.

ઠુમરી.

રાગ. આજ બીરા મેરે મન બસ ગયોરે એ ચાલ.

સભા ભરાવી ઠરાવેરે. સભા.

ગવર્નર બાહાદુર ભલા. સભા.

સભા મહી શ્રીમંત સરદાર, ગવર્નર પ્રમુખ કંઇ સાર;
સોટરે કહયો જે વિચાર, સો મનમાં તે સમાવેરે.સભા. ૧
તાબુત સઘળાં બંધજ કરવાં, જે પાલ તેનાં હણવાં;
સભા થઇ બરખાશ, શભાસદ મંન ધરાવેરે. સભા. ૨

ગરબી.

રાગ. જોયું જોયુંરે કોલા પુર શેર. વડોદરે.

ચાલ સુરતી.

આવી આવીરે પુનેથી એક, હય પર બેસીને;
રીજમીટ તે મુંબઇ શેહેર, સુખ પાવ દેશીને. ટેક.
ઘોડેસ્વાર જન એક સો પરચા, ખરે તે હીંદુસ્થાનીરે;
કરમા ધરેલ બંધુક ભારી, કેડે સમસેર તાણી હય. આ. ૧
ટંકસાલ આગળ બે તોપો, રાખી રીજમીય(તે) કામરે.
તરેહ તરેહનો કર્યો બંદોબસ્ત, શેહેર તણી ગલી ઠામ.

હય. આ. ૨

સ્કુલ રહી દીન ચાર બંધ જો, ગવરનમેંટ કહેવાયરે;
દુકાન કોઇ કોઇ બંધ રહીતી, હાકીમ નજરે જોવાય.

હય. આ. ૩

ચાર હજાર લસ્કરની સંખ્યા, થઈ મુંબઈ મોઝારરે;
બહાર થકી સઘળી તે આવી, નજરે જોઇ નિરધાર.

હય. આ. ૪

સઘળો બંદોબસ્ત થયો, તોપણ પણ ચુકે ન ધાવરે;
મુસલમાનનું જબરૂ હુલડ, અન્યો અન્ય કરી ધાય

હય. આ. ૫

વિલાયતથી પણ રીજમીટ આવી, એતાલીસમી તેહરે;
ખબર થઇ દુનિઆમાં સઘળે, જાણ્યું દી[illegible] આ જેહ.

હય. આ. ૬

મુસલમાનોએ કરી સભા એક, બંગલા માહીં સારરે;
મહમદ અલી રોગીનો [illegible], શ્રીમંત તે સરદાર.

હય. આ. ૭

સભાસદો મહીં જે જે નર છે, તેમાં કોઇ સદગ્રહસ્થ;
ભાવ મુખે તેણે લેઇ કીધો, સર જમસેદજી ધર્મહસ્ત.

હય. આ. ૮

બેગા પારસી થઇ મુસલમાન, સલાહ કરવા કાજરે;
સર જમસેદજીએ જવાબ આપ્યો ફીતુર કરે જતં સાજ.

પારસીએ નહ ઉઠાયુ ફીતુર, માટે નહીં મુજ કામરે;
સલાહ કરી સઘળા મુસલમાન થઈ, ત્યારે કરયો ઠામ.
હ્ય. આ. ૧૦

સભા મેલવવા આ એક જનને, સોંપ્યું તે હું શીઆરરે;
ઓનરએબલ નારણુ વાસુદેવ, કબુલ કરે આવાર.
હ્ય. આ, ૧૧

મુસલમાન આગેવાન થઈને, સભા બનાવી આ તવરે;
અહમદખાનાં બંધવા મો, આ તવ ખુશી થઈ.
હ્ય. આ. ૧૨

મુસલમાનોની મળેલી સભામાં

થએલો વીચાર.

કુંડળીઓ.

નારાયણ વાસૂદેવ, આનરએબલ તેહ;
હાજર બંને એ થયા, ડાકટર બ્લાની જેહ;
ડાકટર બ્લાની જેહ, સભાસદને સુખવદીઆ;
તમો થશો તઈયાર, પારસી નહીં જન બસીઆ;
કરે પારશી સભા, તમે નહી આવો સાર;

ત્યારે સુધી થાય, સભાસદના બેસનાર. ૧

૨

મીસતર ખદરદીન કહે, માનું છું ઉપકાર,
આનરએબલનો વળી, કાણીને કહું ચેર;
કાણીને કહું વાર, મુરખને રે સમજાવો;
કરે નહી ફીતુર, શિષ્ય તેનીજ બણાવો;
ધર્મ લહી મન માંહ, લખીયું છે શું સાસ્તર,
વાહ વાહરે તને, ભલા બહદર દીન મીસ્તર. ૨

સરકારી બંદોબસ્ત.

દોહરો.

સૌ મનીને આવીઆં, ઘોડેસ્વાર પલટણ;
સંખ્યા તે શત ચારની, હય બોલે છ હણ હણ. ૧

રાગ રામગ્રી.

મુરલી બજેછે બામની, નૈષદ નાપની નાર. એ ચાલ.
સરસ કરી જુગતી અહીં, [illegible] મુંબઈ શેહેર;

સબળાને મન થાયછે, મનમાં આણી પેર. શર. ટેક.
નામદાર રાણીના નામની, રીજમેન્ટ જે કહેવાય;
એકત્રીશમી સીપાઇનો, નંબર આ જોવાય.
"સર. દે. સ. ૧"

ફરવા તેને હથીઆર બંધ, નવું કીધુંછે શેહેર;
એ દીન બીજુ શું થયું, જોયું એણી તે પેર.
સ. દે. સ. મ. ૨

ગામઠી પલટણ ત્રણ "પચાસની," કાકડે રાખી બજાર;
આઠમી જે પલટણને, મળ ગામ નિરધાર.
સ. દે. સ. મ. ૩

પુનાની ઘોડેસ્વારને, માર્ગ સરતનાપર.
બંને બીજા બાગજ કરી, રાખી ભાંયખળાપર.
સ. દે. સ. મ. ૪

કોટમાં બીજા ભાગને, સોંપ્યું કર, શસ્ત્ર સાર,
ફરતા રાખ્યા માજીસટરેટને શેહેર માંહી બજાર.
સ. દે. સ. મ. ૫

ફીતુર જે જન અહીં કરે, ત્યારે (તે) વાપરે શસ્ત્ર,
હુકમ સઘળો સ્વાધિન, ધરયો માજીસ્ત્રેટ. સ. દે. સ. મ. ૬
વળી રાતના આઠ કલ્લાકથી, બીજે દીન છ કલાક,
કાનસ્ટેબલ લસ્કરને હુકમ રેવા તૈઆર. સ. દે. સ. મ. ૭
યુરોપીઅન લસ્કરની એક ટુંકડી સાર,
બંને તો તેના સ્વાધીન, લેફટેનંટ બેધમ સાથ.

સ. દે. બ. મ. ૮

ઓંપખળા તે આગળ, ઓઈ ઉભી હતી જ,

ચારે બાજુ આ રીતે બંધીબસ્ત કીધો, સ. દે. બ. મ. ૯

ગાન તીર્થસ કરવા ફરે, પોકેરનાર પલટણ,

તાબુત ઠીક છે જ્યાંહ સુધી, ત્યાં સુધી અડચણ.

સ. દે. બ. મ. ૧૦

હાલ તાબુત બંધ કર્યાં સાંભળીયું.

ગરબી.

રાગ. બોલો ને બોલ મારા સ્વામી બોલો એ ચાલ.

બંધ કરવા તાબુત હુકમ થયો બંધ કરવા તાબુત. ટેક

પંચા બતાવી જેમ તાબુત. હુકમ. બં. ૧

રહુકમી સોંગી ગોઠવણથી, જુમા મસીદ સુક્રવાર,

હુકમ. બ. ૨

જુમા મસીદમાં આજન, સત ફ્રીસ, બંદગી કરવા આસ.

હુકમ. બ. ૩

બંદગી કરીને ચાલ્યા ગયા, તે લોક વિન તે સાર.

તે પણ ગેજટથી સાંભળ્યું જે, ફર્યો પ્યારાં તાબુત. હુ. પ. પ
નિરભય નિસદીન આપ્ય સામી, રામા ધરો મન માલ.

સેલાહે થઈ તે વિશે.

દોહોરો.

બંધ કરયાં આ વર્ષમાં, સરકારે તાબુત;
રસ્તે ફર્યાં શેહેરમાં, રહે જન સા સાબુત.

ઊપેંદ્રવજ્રા છંદ.

"સારી રીતે માનીએ આંહી તારો,
નારણ,* વાસુ, જગ માંહી સારો."
નોહી હતો ત્યાંહી તેં પ્રેમ કીધો,
સરકારથી જસ જસ કાંઇ લીધો. ૧
જે જે થયો મુંબઇ માંહી ફેર,
તે તેં મટાડી કરી લીધા લ્હેર;
ફર્યાં પારસી મુસલ રસ્તા લીધા;
સરકારથી ભરા જશ કાંઇ લીધા;
સભા મહીં ડાકટર¹ બ્હાની કાંઇ,

* વાસુદેવ, ૧ ડાકટર,

જેની વયમાં [illegible] [illegible], [illegible]
ફરી પાછી જેમ [illegible] [illegible],
શરીરમાં જ્યાં ત્યાં કાંઈ લીધા.
નિર્ભય આ દુનિઆ માંહી એવા,
પ્રાણીના [illegible] [illegible] છેવ;
[illegible] [illegible] [illegible] માંહી [illegible],
સહેરમાં જ્યાં ત્યાં કાંઈ લીધા. ૪

ભાગ પહેલો સમાપ્ત.

જાહેર ખબર

આ પુસ્તક નીચે લખેલી જગાએથી મળશે.

મુંબઈમાં કાળકાદેવીના રસ્તાપર દરેક ચોપડી વાળા
ની દુકાનેથી

તથા ભુલેશ્વર સ્કુલના માસ્તર નરભેરામ કા
શીરામ પાસેથી મળશે.

વળસાડમાં ત્યાંના તાલુકા સ્કુલમાં હેડમાસ્તર પાસેથી
મળશે.

નવસારીમાં ત્યાંના સરકારી નિશાળના માસ્તર પાસે
થી મળશે.

અમદાવાદમાં કવિશ્વર દલપતરામ ડાયાભાઈ, બુદ્ધી પ્ર
કાશના આ. સેક્રેટરી સાહેબની આફીશમાં
થી મળશે.

નરભેરામ કાશીરામ.